(૧) નકલ માટે અરજી કરનારનું નામ જીવંતવાસુ

અધિક્ષક

(૨) નકલ અરજી કર્યા તારીખ ૨૩/૧૨/૧૯-

અધિક્ષક

(૩) નકલ તૈયાર કર્યા તારીખ ૬/૧/૨૦

અધિક્ષક

(૪) નકલ આપ્યા તારીખ ૨૩/૧/૨૦ ટ્રુ કોપી પત્ર + પાનાં. ૧૩ નકલ આપી

અધિક્ષક

(૫) જેને નકલ આપવામાં આવી તેનું નામ: જીવંતવાસુ

અધિક્ષક

શબ્દો........

| | |
|---|---|
| નકલ ખર્ચ | રૂા...... |
| મુકાબલા ખર્ચ | રૂા...૧૦/- |
| પેપર ખર્ચ | રૂા...૧૦/- |
| ટપાલ ખર્ચ | રૂા...... |
| કુલ્લ | રૂા...૨૦/- |

નાયબ ચેરીટી કમિશનર
કચ્છ-ભુજ

# શ્રી કચ્છી લેવા પટેલ સમાજ, ભુજ - કચ્છ.

## બંધારણ અને ધારાધોરણો

૧૩૫/૬૬

૧ **નામ:-** શ્રી કચ્છી લેવા પટેલ જ્ઞાતિની આ મુખ્ય સંસ્થાનું નામ **"શ્રી કચ્છી લેવા પટેલ સમાજ, ભુજ-કચ્છ."** રહેશે.

૨ **ઉદ્દેશ:-** (૧) કચ્છી લેવા પટેલ સમાજના ઉત્કર્ષ તથા હીત માટે ભ્રાતૃભાવ વધારવા અને સંગઠન સાધવા. (૨) જ્ઞાતિમાંથી નીરક્ષરતા દૂર કરી તથા કેળવણી અંગેની અન્ય પ્રવૃતિઓ હાથ ધરવી. (૩) અણધાર્યા અને આકસ્મિક પ્રસંગે જ્ઞાતિજનને બનતી સહાય આપવી. (૪) અપંગ, નીરાધાર, અને પીડીતાને બનતી મદદ કરવી. (૫) જ્ઞાતિમાં ધર્મ મર્યાદા જાળવી રાખી, સમાજ ઉપયોગી અન્ય પ્રવૃતિઓ હાથ ધરવી. (૬) સંયોગોવસાત સંસ્થાનું (સમાજનું) અસ્તિત્વ બંધ થતાં આ સંસ્થાની (સમાજની) કુલ માલિકીની સર્વ સ્થાવર અને જંગમ મિલ્કતની વ્યવસ્થા જ્ઞાતિમાં કેળવણી તબીબીની અન્ય પ્રવૃતિઓ તેમજ જ્ઞાતિના લાભાર્થે મિલ્કતનો ઉપયોગ સમાજના ટ્રસ્ટીઓ જ્ઞાતિની સભાની મંજુરી લઈ શકશે.

૩ **વ્યાખ્યાઓ :-** આ ધારા ધોરણો અને બંધારણોમાં જયાં જયાં નીચે જણાવેલા શબ્દો વપરાયા હોય ત્યાં સામે જણાવ્યા મુજબનો અર્થ સમજાવો.

(૧) **સંસ્થા:-** "સમાજ" શ્રી કચ્છી લેવા પટેલ સમાજ,

(૨) **મુખ્ય કચેરી:-** સમાજની મુખ્ય કચેરી, ભુજ-કચ્છ.

(૩) **સભાસદ -** સમાજે ઠરાવેલ લવાજમ આપીને સમાજના રજીસ્ટર ઉપર નોંધાયેલ વ્યકિત.

... સંચાલન ચલાવવા સભાસદોમાંથી

(૫) **વાર્ષિક સભા:-** બંધારણની કલમ ૭ મુજબ વર્ષની શરૂઆતમાં બોલાવેલી સભાસદોની સભા.

(૬) **સાધારણ સભા:-** બંધારણની કલમ ૮ મુજબ બોલાવેલી સભાસદોની સભા.

(૭) **અસાધારણ સભા:** તાત્કાલીક કાર્યો માટે બંધારણની કલમ ૯ મુજબ બોલાવેલી સભાસદોની સભા.

(૮) **વર્ષ:** 'સમાજ' સંસ્થાનું વર્ષ તા. ૧ લી એપ્રીલ થી ૩૧ મી માર્ચ સુધીનું ગણાશે

૪ **સભાસદ:** (૧) જગતમાં કોઇપણ જગાએ વસ્તા શ્રી કચ્છી લેવા પટેલ જ્ઞાતિ ભાઇ-બહેન કે જેની ઉંમર ૧૮ વર્ષ કરતાં વધારે હોય તે સભ્ય થવાને યોગ્ય ગણાશે.

(૨) સભાસદોના નીચે પ્રમાણે ચાર વર્ગ રાખવામાં આવેલ છે.

[અ] (મુરબ્બી) આશ્રયદાતા જે એકી સાથે રૂા. ૫૨૫) કે તેથી વધારે રકમ આપનારનો વર્ગ.

[બ] (દાતાર) જે એકી સાથે રૂા. ૧૨૫) થી રૂા. ૫૨૪) સુધીની રકમ આપનારનો વર્ગ.

[ક] (આજીવન સભ્ય) જે એકી સાથે રૂા. ૨૫/- થી રૂા. ૧૨૪/- સુધીની રકમ આપનારનો વર્ગ.

[મ] (સામાન્ય સભ્ય) દર વર્ષે અગાઉથી રૂા. ૧-૦૦ અંકે રૂપીઓ એક લવાજમ ભરનારનો વર્ગ.

**નોંધ** ૧ ઉપર જણાવેલ કોઈ પણ 'અ' 'બ' 'ક' વર્ગના સભ્યો તેમની જીંદગી પર્યંતના સમાજના આજીવન સભાસદો ગણાશે.

(૨) કોઈપણ સભ્ય કોઇપણ વખતે લવાજમમાં રહેલો તફાવત પૈસા સાથે આપી ઉપલા વર્ગમાં જઇ શકશે પણ આમાં આપેલા વાર્ષિક લવાજમની ગણતરી થઇ શકશે નહિ.

(૩) વર્ષ દરમ્યાન ગમે ત્યારે લવાજમ ભરીને સભ્ય થઇ શકાશે. પરંતુ વાર્ષિક લવાજમ ભરનાર સામાન્ય સભાસદ લવાજમ તા. ૧ લી એપ્રીલથી તા. ૩૧ મી માર્ચ સુધીનું ગણાશે.



૪ સભ્યોએ ભરેલ લવાજમ કોઇપણ સંજોગોમાં પાછું આપવામાં આવશે નહીં.

૫ **સભાસદોના હક્ક** ૧ સમાજના સર્વ સભ્યો સમાજના અન્ય કામકાજ માટે બોલાવેલી સભાઓમાં હાજરી આપી શકશે. ચર્ચામાં ભાગ લઈ શકશે. મત આપી શકશે, સમાજની બાંહેધરી હેઠળ ચાલતી હર કોઇ પ્રવૃતીમાં ભાગ લઇ શકશે અને સમાજના વહીવટ માટે ચુંટાતી કાર્યવાહક સમીતી તેમજ અન્ય સમીતીઓ પર ચુંટાઈ શકશે.

૨ સમાજના સભાસદોના મત પત્રક તપાસવાનો દરેક સભ્યોનો હક્ક રહેશે, પરંતુ તે માટે સમાજના મંત્રીને લેખીત ખબર આપવાની રહેશે.

૩ દેશ કે પરદેશમાં શ્રી કચ્છી લેવા પટેલ સમાજનો કોઇ પણ એક સંસ્થાનો સભ્ય હોય તો તેનો આ સંસ્થામાં સ્થાનિક સભ્ય-પદ તરીકે સરખો હક્ક રહેશે.

૬ **મતાધીકાર** સમાજના કામકાજને અંગે બોલાવેલી વાર્ષિક સાધારણ કે અસાધારણ સભાઓમાં બીન સભ્યો તેમજ તેવી સભાની અગાઉથી એક પખવાડીયા પહેલાં જે સભ્યોએ લવાજમ નહીં ભર્યું હોય તેવા સભ્યો મત આપી શકશે નહી.

૭ **વાર્ષિક સભા:-** દર વર્ષે માર્ચ માસની આખર પહેલાં કાર્યવાહક સમિતીએ નકકી કરેલ તારીખે ઓછામાં ઓછા ૧૫ દિવસ અગાઉથી વર્તમાન પત્રો દ્વારા અને જાહેર પત્રીકાઓ દ્વારા જાહેરાત આપી વાર્ષિક સભા બોલાવવી અને આ સભામાં નીચે મુજબ કાર્યક્રમ રાખવો :-

૧ ગત સભાની નોંધ.

૨ નોંધ ઉપરથી ઉપસ્થિત થતા મુદ્દા.

૩ ગત વર્ષ દરમ્યાન થયેલા કાર્યનો વાર્ષિક અહેવાલ અને વાર્ષિક આવક જાવકના ખર્ચનો અહેવાલ મંજુર કરવો.

૪ નવા વર્ષનું અંદાજ પત્રક મંજૂર કરવું.

૫ નવા વર્ષ માટે હોદ્દેદારો તથા કાર્યવાહક સમિતીની ચૂંટણી કરવી.

૬ પ્રમુખશ્રીની રજાથી અન્ય કામકાજ.

**નોંધ:-** ૧ વાર્ષિક જનરલ સભા, કોઇ પણ કારણોસર સંજોગોવશાત ૧૮ માસ સુધીમાં બોલાવવામાં ન આવે તો મધ્યસ્થ સમિતી પોતાની સત્તાની રૂએ જ્ઞાતિની જનરલ સભા બોલાવી નવી કાર્યવાહી સમિતીની ચૂંટણી કરી શકશે.

૮ **સાધારણ સભા:-** વાર્ષિક સભા ઉપરાંત કાર્યવાહક સમિતીએ જ્યારે જ્યારે જરૂર જણાય ત્યારે જાહેર પત્રિકાઓ દ્વારા સાત દિવસં અગાઉથી ખબર આપી સભ્યોની સાધારણ સભા બોલાવી શકાશે.

૯ **અસાધારણ સભા:-** ૧ તાત્કાલિક કાર્ય માટે કાર્યવાહક સમિતીને જરૂર જણાય તો ઓછામાં ઓછી બે દિવસની જાહેરાત આપી અસાધારણ સભા બોલાવી શકાશે. ૨ આવી રીતે બોલાવેલી અસાધારણ સભામાં જે કાર્ય માટે સભા બોલાવવામાં આવી હોય તે સિવાયના કોઇ પણ કાર્ય થઈ શકશે નહીં.

૧૦ **કાર્યસાધક સંખ્યા ( કોરમ )** ૧ આ ધારાધોરણ અને બંધારણ મુજબ સમાજની વાર્ષિક સાધારણ કે અસાધારણ સભા માટે મત આપી શકે તેવા ૩૩ ટકા સભ્યોની હાજરી અથવા ૨૦૦ની સંખ્યા કાર્યસાધક સંખ્યા ગણાશે. ૨ સમાજની કોઇ પણ સભા બોલાવ્યામાં મુકરર કરેલ સમય બાદ અર્ધા કલાક સુધીમાં કાર્યસાધક સંખ્યાની હાજરી ન થાય તો હાજર હાજર રહેલા સભ્યો તે સભા ફરીથી બોલાવવાની તારીખ અને સમય નકકી કરી સભા મુલત્વી રાખશે. આવી રીતે મુલત્વી રહેલ સભા બીજી વખત મળે ત્યારે પણ ઠરાવેલ વખતમાં નીયમ પ્રમાણે કાર્યસાધક સંખ્યાની હાજરી ન થાય તો હાજર રહેલાં સભ્યો કાર્યસાધક સંખ્યાનો બાધ ગણ્યા સીવાય, જે કાર્ય માટે સભા બોલાવવામાં આવી હોય તે કાર્ય કરી શકશે. અને એ સિવાયનાં કોઇ પણ નવા કાર્યો હાથ ધરી શકશે નહી. ૩ પેટા સમિતીઓ તેમજ ખાસ કાર્ય માટે નીયુકત થયેલી વિશિષ્ઠ સમિતિઓની કાર્યસાધક સંખ્યા જે તે સમિતી પોતે પોતાની પ્રથમ બેઠકમાં નકકી કરી શકશે. પણ કાર્યસાધક સંખ્યા કોઇ પણ સંજોગોમાં સમિતીના સભ્યોની કુલ્લ સંખ્યાનો ⅓ થી ઓછી હોવી જોઇએ નહી.

૧૧ **સભાપતિ:-** સમાજની સભાઓનો સભાપતિ પદ સમાજના ચૂંટાયેલા પ્રમુખ સંભાળશે. પરંતુ તેમની ગેરહાજરીમાં તે પદ ઉપ-પ્રમુખ સંભાળશે. પરંતુ બન્નેની ગેરહાજરીમાં સભામાં હાજર રહેલા કોઈ પણ સભાસદને બહુમતિથી સભાપતિ ચૂંટીને સભાનું કામકાજ ચલાવવામાં આવશે.

૧૨ **વિવેચન અને મત:-** સમાજની સભામાં હાજર રહેલા દરેક સભ્યો ચાલુ વિષય ઉપર સભાપતિની મંજુરી મેળવી બોલી શકશે.



૧૩ **સભા અને નિયમો:-** સમાજની સભામાં અઘટીત શબ્દો, તેમજ ઘોંઘાટ કરનારને સભાપતિ અટકાવશે. છતાં પણ હુકમનો અનાદર થશે તો તેવાને ચાલુ સભામાંથી દુર કરી શકાશે. અને સભામાં વધારે ઉગ્ર વાતાવરણ ઉભું થવા પામે ત્યારે તે સભાને સભાપતિ મુલત્વી રાખી શકશે.

૧૪ **બરતરફ:-** સમાજનો કોઇપણ સભ્ય સમાજના બંધારણ વિરૂદ્ધ વર્તણુંક અથવા સમાજને નુકશાનકારક પ્રવૃતિ કરતો માલુમ પડશે તો તેવા સભ્યને બરતરફ કરવાની સત્તા કાર્યવાહક સમિતિને રહેશે પણ તેવા સભ્યને બરતરફ કરતી વખતે સમીતીએ પુરેપુરી ચકાસણી કરવી જરૂરી રહેશે.

૨ આવા બરતરફ થયેલ સભ્યને ફરી સભ્ય બનવું હોય તો નવેસર અરજી કરવાની રહેશે અને તે સામાન્ય સભાને યોગ્ય લાગે તો સમાજનો સભ્ય થઇ શકશે.

૧૫ **ચૂંટણી:-** સમાજના હોદ્દેદાર કાર્યવાહક સમિતિના સભ્યો, પેટા સમિતીના સભ્યો, કે ટ્રસ્ટી તરીકે ચૂંટાવવા ઇચ્છા ધરાવનાર કોઈ સભાસદને ચૂંટણી તેમની ગેરહાજરીમાં લેખીત સંમતી વગર થઈ શકશે નહીં.

૧૬ **મતગણત્રી :-** સમાજની સભામાં રજુ થયેલ દરેક ઠરાવોનો નીર્ણય મતગણત્રીથી કરવામાં આવશે. મતગણત્રી હાથ ઉંચા કરાવીને અથવા સભાપતિને યોગ્ય જણાય અથવા સભાની બહુમતી હોય તો બેલોટ પત્રથી પણ કરી શકાશે. સમાજના હિતના સુધારા માટેની મતની ગણત્રી સર્વથી પહેલી કરવામાં આવશે. જો બન્ને બાજુના મત સરખા પડશે તો સભાપતિ પોતાનો વધારાનો મત "કાસ્ટીંગ વોટ" આપી નીર્ણય કરી શકશે.

૧૭ **સભા બોલાવવા માટેનું નીવેદન ( રીકવીઝેશન )** કચ્છમાં વસતા મત આપી શકે તેવા ઓછામાં ઓછા ૩૩ ટકા હાજર રહેલ સભાસદોની સહીથી કોઇ પણ ચોકકસ કાર્ય માટે સભા બોલાવવાનું નીવેદન મળે તો તે એક માસની અંદર તે કાર્ય માટે કાર્યવાહક સમિતિએ અસાધારણ સભા બોલાવવી પડશે. જો આ મુદત દરમ્યાન અસાધારણ સભા બોલાવવામાં ન આવે તો તે નીવેદનમાં સહી કરનાર સભ્યો તે પછીના ૨૧ દીવસ બાદ એ જ કાર્ય માટે અસાધારણ સભા બોલાવી શકશે. પણ સહી કરનાર દરેક સભ્યોએ આ સભામાં હાજરી આપવી જરૂરી રહેશે.

૧૮ **કાર્યવાહક સમિતિ:-** સમાજની વાર્ષિક સભામાં પ્રમુખ, ઉપ-પ્રમુખ, સંગઠક મંત્રી,

માનદ્ મંત્રી, સહમંત્રી, ખજાનચી, સહખજાનચી, હીસાબ ચોકશી, જોઈન્ટ હીસાબ ચોકશી. માજી પ્રમુખ "એકસ ઓફીસીઓ"ની રૂએ અને ગામવાર પ્રતિનીધીઓની ચૂંટણી કરવામાં આવશે.

૨ કાર્યવાહક સમિતિમાં વર્ષ દરમ્યાન ખાલી પડેલી જગ્યા કાર્યવાહક સમિતિ સર્વાનુમતે (કો-ઓપ્ટ) પુરી કરી શકશે. પણ એવી જગા પ્રમુખ, મંત્રી અગર ખજાનચીની હશે અથવા તો કાર્યવાહક સમિતિના સભ્યોમાંથી એકી સાથે ૬ રાજીનામા આવેલ હશે તો તેવી જગા સાધારણ સભા બોલાવી પુરી કરી શકાશે. આવી જગાઓ ખાલી પડ્યાની તારીખથી એક માસની અંદર સભા બોલાવવાની રહેશે.

૩ વર્ષ દરમ્યાન કોઈ પણ વખતે કાર્યવાહક સમિતિના ૬૭ ટકા સભ્યો એકી સાથે રાજીનામા આપે તો આખી સમિતિ આપો આપ ફારેગ થયેલી ગણાશે. અને એવા સંજોગોમાં રાજીનામાં મળ્યાની તારીખથી ૧૫ દિવસની અંદર બે દિવસ અગાઉથી જાહેરાત આપી સાધારણ કે અસાધારણ સભા બોલાવી વર્ષની બાકી રહેલી મુદત માટે નવેસરથી ચૂંટણી કરવામાં આવશે.

૪ વર્ષની શરૂઆત માં કે વર્ષ દરમ્યાન કોઈ પણ વખતે નવી કાર્યવાહક સમીતીની ચુંટણી થતાં જુની સમિતિ ફારેગ થયેલી ગણાશે. પરંતુ નવી સમિતિ સંસ્થાનો વહીવટ સંભાળી ન લે ત્યાં સુધી તે પોતાના હોદ્દા ઉપર રહેશે. અને સમાજના કામકાજ ચાલુ રાખશે.

૫ સમય સમાજની કાર્યવાહક સમિતિની સભા દર ત્રણ મહીને ઓછામાં ઓછી એક વખત બોલાવવામાં આવશે.

૬ કોરમ કાર્યવાહક સમિતિની સભાનો કોરમ ૩૩ ટકા સભ્યોની હાજરીનું ગણાશે. કોરમના અભાવે મુલત્વી રહેલ સભાને ફરીથી કોરમનો બાધ લાગશે નહિં. કોરમનો બાધ, મળતી સભામાં અગાઉના કાર્યક્રમમાં કોઈ પણ જાતના ફેરફાર થઈ શકશે નહીં.

૭ (સભાપતી) કાર્યવાહક સમિતિની સભાનું પ્રમુખપદ સમાજના ચૂંટાયલા પ્રમુખ સંભાળશે. તેઓની ગેરહાજરીમાં ઉપ-પ્રમુખ સભાપતી પદ સંભાળશે. પરંતુ બન્નેની ગેરહાજરીમાં સભામાં હાજર રહેલા સભ્યોમાંથી કોઈ પણ સભ્યને બહુમતીથી સભાપતી પદ આપી શકાશે. અને સભાનું કામકાજ ચલાવવામાં આવશે.

૮ ગેરહાજરી – કાર્યવાહક સમિતિ કે પેટા સમિતિના કોઈ પણ સભ્ય લાગલગાટ ત્રણ સભાઓમાં સચોટ અને સબળ કારણ દર્શાવ્યા સિવાય ગેરહાજર રહેશે તો તેવા સભ્યોને તે સમિતિમાંથી આપો આપ છુટા થયેલા ગણાશે.



૧૯ **કાર્યવાહક સમિતિની સત્તા અને ફરજો:-** ૧ કાર્યવાહક સમિતિને જરૂર જણાય ત્યારે જુદા જુદા કામો માટે પેટા સમિતિઓ નીમી શકશે. આવી સમિતિઓના સભ્યો કાર્યવાહક સમિતિમાંથી લઈ શકાશે.

૨ કાર્યવાહક સમિતિ સમાજની વાર્ષિક, સાધારણ કે અસાધારણ સભાએ નકકી કરેલ કાર્ય કરી શકશે. પરંતુ જો કોઈ નવી યોજના હાથ ધરવી હશે તો સમાજની સાધારણ કે અસાધારણ સભાની મંજુરી મેળવ્યા સીવાય શરૂ કરી શકશે નહીં.

૩ કાર્યવાહક સમિતિને અણધાર્યા કે તાત્કાલીક ખર્ચને પહોંચી વળવા રૂા. ૫૦૧) અંકે પાંચસો એક સુધી ખર્ચ કરવાની સત્તા રહેશે પરંતુ તેવું ખર્ચ કર્યા બાદ તે પછીની મળતી સમાજની સાધારણ કે અસાધારણ સભાની મંજુરી મેળવી લેવાની રહેશે.

૪ જુની કાર્યવાહક સમિતિઓ નવી કાર્યવાહક સમિતિની ચુંટણી થયા પછી ૧૫ દિવસની અંદર બધા ચોપડા હીસાબ તેમજ અંન્ય જે કંઈ પોતાના કબંજામાં હોય તે નવી કાર્યવાહક સંમિતિને સોંપી દેવાના રહેશે.

૫ સંમાજની વાર્ષિક સાધારણ કે અસાધારણ સભા કે તેની કાર્યવાહક સમિતિએ નીમેલી પેટા સમિતિઓએ કાર્યવાહક સમિતિની સુચના મુજબ કામ કરવાનું રહેશે અને તેમના કાર્યનો અહેવાલ કાર્યવાહક સમિતિ સમક્ષ રજુ કરવાનો રહેશે.

૨૦ **પેટા સમિતિઓ :-**

૧ પેટા સમિતિના સભ્યોની સંખ્યા ૧૨ ની રહેશે.

૨ દરેક પેટા સમિતિ ઉપર સમાજના પ્રમુખ. મંત્રી અને ખજાનચી, હોદાની રૂએ રહેશે અને જરૂર પડયે સંગઠક મંત્રીને લેવાના રહેશે.

૩ પેટા સમિતિને સોંપવામાં આવેલ કામકાજનાં સંપૂર્ણ વહિવટ સમાજના ધારા ધોરણો અને ઉદ્દેશોને હરકત ન આવે એવી રીતે કાર્યવાહક સમિતિની દેખ રેખ અને હુકુમને આધીન રહીને કરવાનો રહેશે.

૪ કોઈપણ પેટા સમિતિ કાર્યવાહક સમિતિ ફારેગ થતાં આપો આપ ફારેગ થયેલી ગણાશે.

૫ પેટા સમિતિઓ પોતાને સોંપવામાં આવેલ કાર્યને જરૂરીઆત પુરતાં પેટા નિયમો કાર્યવાહક સમિતિની સંમતીથી કરી શકશે.

૬ પેટા સમિતિએ પોતાના કાર્યનો લેખીત અહેવાલ કાર્યવાહક સમિતિની સભા મળે તે પહેલાં માનદ્ મંત્રીને મોકલી આપવાનાં રહેશે.

૨૧ **સ્વયંસેવક દળ સમિતિ :-**

૧ કલમ ૨૦ મુજબ નીયુક્ત કરવામાં આવતી સ્વયંસેવક દળની પેટા સમિતિ ૯ સભ્યોની બનશે. જેમાં સમાજના પ્રમુખ. સંગઠકમંત્રી મંત્રી, અને ખજાનચી પોતાના હોદ્દાની રૂએ રહેશે.

૨ સ્વયંસેવક દળ સમિતિની નીમણુંક થયા બાદ સમિતિની પ્રથમ બેઠકમાં હાજર રહેલા સભ્યો પોતાના માંથી જનરલ મંત્રી કેપ્ટન પુસ્તકાલય સંચાલક ની નિમણુંક કરી શકશે.

૩ સ્વયંસેવક દળ સંમિતિ સમાજનાં બંધારણ અને નિયમો અનુસાર વર્તન કરશે. અને સમાજનાં તમામ કાર્યોમાં સાથ આપશે.

૪ સ્વયંસેવક દળનો એક પ્રતિનિધી સમાજની કાર્યવાહક સમિતિની દરેક સભા-ઓમાં આમંત્રીત સભ્ય તરીકે ભાગ લઇ શકશે.

૨૨ **પ્રમુખની સત્તા અને ફરજ:-** ૧ સમાજની વાર્ષિક સાધારણ કે અસાધારણ સભાનું તથા કાર્યવાહક સમિતિની સભાનું સભાપતિપદ સંભાળશે.

૨ સભાનું કાર્ય વ્યવસ્થિત તેમજ બંધારણ અંનુસાર ચલાવવા યોગ્ય પગલાં લઈ શકશે.

૩ સમાજની માલીકીની મિલ્કત ખત પત્રક તથા અન્ય દસ્તાવેજ કાગળો બેન્કમાં સેઇફ કસ્ટડીમાં રાખશે અને નવા પ્રમુખ આવ્યા બાદ ૧૫ દિવસમાં પહોંચ લઇ સુપ્રત કરવાનું રહેશે.

૨૩ **ઉપ-પ્રમુખની સત્તા અને ફરજ:-** ૧ પ્રમુખની ગેરહાજરીમાં દરેક સભામાં સભાપતિપદ સંભાળશે.

૨ પ્રમુખની સત્તા અને ફરજ તેમની ગેરહાજરીમાં ઉપ-પ્રમુખને રહેશે.

૨૪ **સંગઠક મંત્રીની સત્તા અને ફરજો:-** સંગઠક મંત્રી દેશમાંજ રહેતો હોવો જરૂરી છે. સંગઠક મંત્રી દેશ વિદેશમાં ચાલતી જ્ઞાતિની સામાજીક સંસ્થાઓમાં સમાજનું પ્રતિનિધિત્વ કરશે.

જ્ઞાતિમાં એકતા અને સંગઠન જાળવી રાખવા તેમજ સંગઠન વધારવા બનતા પ્રયાસો કરવાના રહેશે. સમાજની દરેક શાખાઓ સાથે ગાઢ નિકટના સબંધો રાખી સમાજના અન્ય કાર્યો માટે પત્ર વહેવાર કરી શકશે. અને તેમના કાર્યો



અંગેના અહેવાલો મોકલાવવાના રહેશે.

દેશ વિદેશમાં ચાલતી સામાજીક પ્રવૃતિઓમાં સહકાર સાધવાને સંકલન કરવાનું રહેશે. સમાજની દરેક બેઠકમાં પોતાનો અહેવાલ રજુ કરવાનો રહેશે.

૨૫ **મંત્રીની સત્તા અને ફરજ:-** ૧ સમાજના કાર્ય સંબંધીનો દરેક પત્ર વ્યવહાર કાર્યવાહક સમિતિની સુચના અનુસાર કરવાનો રહેશે. પત્ર વ્યવહારના તાત્કાલીક જવાબ આપવાના પ્રસંગોમાં પ્રમુખ અથવા તેની ગેરહાજરીમાં ઉપ-પ્રમુખની સલાહથી જવાબ આપી શકશે.

૨ સમાજની વાર્ષિક સાધારણ કે અસાધારણ તથા કાર્યવાક સમિતિની સભાઓમાં સરક્યુલર લખશે. અને તેવી સભાઓમાં થયેલ કામકાજની નોંધ મીનીટ બુકમાં રાખશે. આવી નોંધ તે પછીની મળતી સભામાં મંજુર કરાવી લેવાની રહેશે. દરેક સભાના અહેવાલ સમાજની શાખાઓ ઉપર મોકલશે.

૨૬ **સહ-મંત્રીની સત્તા અને ફરજ :-**

૧ મંત્રીની સર્વે ફરજોમાં સહ-મંત્રી સહાય આપશે અને મંત્રીની ગેરહાજરીમાં મંત્રી તરીકેની ફરજ બજાવશે.

૨૭ **ખજાનચીની સત્તા અને ફરજ :-**

૧ સમાજનો આવક જાવકનો વિગતવાર હિસાબ ચોપડામાં રાખશે. અને મળતી સભાઓમાં રજુઆત કરશે.

૨ સમાજના સભ્યોનું લવાજમ તેમજ બીજી સઘળી ઉઘરાણીઓ વસુલ કરશે.

૩ ખજાનચી તાત્કાલીક ખર્ચને પહોંચી વળવા રૂા. ૨૦૧] અંકે બસો એક પોતાની પાસે રાખી શકશે.

૨૮ **સહ-ખજાનચીની સત્તા અને ફરજ :-** ખજાનચી ની સર્વે ફરજોમાં સહાય આપશે અને તેમની ગેરહાજરીમાં ખજાનચી તરીકેની ફરજ બજાવશે.

૨૯ **હિસાબ ચોકસીની સત્તા અને ફરજ :-** દર વર્ષે સમાજના હિસાબો રસીદ બુકો, વાઉચરો વગેરે સાથે હિસાબ મેળવી ચોપડા તપાસશે અને પોતાને અયોગ્ય તેમજ શંકાસ્પદ બાબતોનો ખુલાશો માંગી શકશે.

૩૦ **જોઇન્ટ હિસાબ ચોકસીની સત્તા અને ફરજ :-** હિસાબ ચોકસીની સર્વે ફરજોમાં સહાય આપશે અને તેની ગેરહાજરીમાં હિસાબ ચોકસીની ફરજ બજાવશે.

૩૧ **રાજીનામું :-** સમાજના ટ્રસ્ટીઓ કાર્યવાહક સમિતિ પેટા સમિતિમાંથી કોઈપણ

સભ્ય રાજીનામું આપવાની ઇચ્છા ધરાવનાર પોતાનું રાજીનામું માનદ મંત્રીને લેખીત આપવાનું રહેશે. રાજીનામું પાસ થયા બાદ તેના કબજામાંથી સમાજની કોઇ પણ વસ્તુ બે દિવસની અંદર સમાજના મંત્રીને સોંપવાની રહેશે પણ જ્યાં સુધી રાજીનામું પાસ ન થાય ત્યાં સુધી તેમની ફરજોમાંથી મુકત થઇ શકશે નહીં.

૩૨ **બેંક નાણાં :-** બેંકમાંથી નાણાં ઉપાડવા માટે ચેક ઉપર પ્રમુખ, મંત્રી અને ખજાનચી પૈકી કોઇપણ બે વ્યકિતઓ સહી કરી શકશે. પરંતુ ખજાનચીની સહી હોવી ખાસ જરૂરી છે.

૩૩ **ટ્રસ્ટીઓની સત્તા અને ફરજ :-** ૧ સમાજના સભાસદોની વાર્ષિક કે સાધારણ સભામાં પાંચ ટ્રસ્ટીઓ ચુંટવામાં આવશે. સભાસદ તરીકે અયોગ્ય ઠરેલ વ્યકિતને ટ્રસ્ટી તરીકે ચુંટી શકાશે નહિં.

૨ ચુંટાએલા ટ્રસ્ટીની મુદત ત્રણ વર્ષની રહેશે પરંતુ આ મુદત પહેલાં જો રાજીનામું આપશે તો ફારેગ થઈ શકશે.

૩ કોઈ પણ ટ્રસ્ટી નાદાર ઠરતાં તે આપોઆપ ટ્રસ્ટી તરીકે કમી થયેલ ગણાશે.

૪ દરેક ટ્રસ્ટી ભારતમાં રહેતા હોવા જોઇએ.

૫ કોઇ પણ ટ્રસ્ટીને તેના હોદ્દા ઉપરથી ફારેગ કરવાની સત્તા સમાજની સાધારણ કે અસાધારણ સભાને રહેશે. પણ ટ્રસ્ટીની નિમણુંક રદ કરવા સમાજના સભાસદોની ૩૩ ટકા હાજરી કાર્યસાધક ગણાશે. સભાસદોની હાજરીના ૭૫ ટકા ભાગે આવા ઠરાવની તરફેણમાં મત આપેલ હોવો જોઇએ.

૬ સમાજની સર્વે સ્થાવર અને કાર્યવાહક સમિતિ નકકી કરે તેવી જંગમ મિલ્કત આ પાંચ ચુંટાએલા ટ્રસ્ટીઓના નામે રહેશે.

૭ ટ્રસ્ટીઓ સમાજના ધારાધોરણો અને ઉદ્દેશાને અનુસરીને એ મિલ્કતનો વહિવટ કરશે. અને કાર્યવાહક સમિતિને તેનો વહિવટ કરવા આપશે.

૮ સમાજના ધારાધોરણો અને ઉદ્દેશા પ્રમાણે સભાસદોની વાર્ષિક સાધારણ કે અસાધારણ સભા તરફથી મળેલા હુકમ અનુસાર કાર્યવાહક સમિતિ કોઇ કાર્ય કરે કે પ્રવૃતિ આદરે તેની અંદર ટ્રસ્ટીઓ પોતાની સત્તાનો ગેરઉપયોગ કરી શકશે નહિ.

૯ પોતાને નામે ચઢેલી સમાજની કોઇ પણ મિલ્કત ટ્રસ્ટીઓ જ્યાં સુધી સંસ્થા ચાલુ હોય ત્યાં સુધી સભાસદોની વાર્ષિક, સાધારણ કે અસાધારણ સભામાં મંજુરી મેળવ્યા સિવાય વેંચી કે ગીરો મુકી શકશે નહિં તેમજ બક્ષીસ અર્પણ



પણ કરી શકશે નહિં. તેમજ એવી જાતના કોઇ પણ વહેવાર કરી શકશે નહિં.

૧૦ સંજોગોવશાત સંસ્થાનું અસ્તિત્વ બંધ થતાં આ સંસ્થાની કુલ માલિકીની સર્વ સ્થાવર અને જંગમ મિલ્કતની વ્યવસ્થા જ્ઞાતિમાં કેળવણીની અન્ય પ્રવૃતિઓ તેમજ સમાજના ઉદ્દેશો અનુસાર જ્ઞાતિના લાભાર્થે મિલ્કતનો ઉપયોગ કરી શકશે તે માટે જ્ઞાતિની સભામાં મંજુરી લેવી જરૂરી રહેશે

૧૧ સમાજની સ્થાવર, જંગમ મિલ્કતના હિતાર્થે અસામાન્ય બાબતોમાં ટ્રસ્ટીઓના નામે દાવો દાખલ થઈ શકશે. દાવાનું ખર્ચ સમાજ ભોગવશે.

૧૨ સમાજની માલિકીની મિલ્કતના ટ્રસ્ટ ડીડ સમાજના ચાલુ પ્રમુખ હસ્તક બેન્કમાં સેફ કસ્ટડીમાં રહેશે.

૩૪ **સમાજના ભંડોળની વ્યવસ્થા:-** સમાજ પાસે ફાજલ પડી રહેલી રકમમાંથી કાર્યવાહક સમિતિ જાહેર સભાની મંજુરી લઇ સમાજના ઉદ્દેશો અનુસાર જ્ઞાતિના હિતાર્થે વાપરી શકશે.

૩૫ **દાન, ફાળા, ભેટ વિગેરે:-** જ્ઞાતિજન તરફથી મળતાં સ્થાવર અથવા જંગમ મિલ્કતના દાનનો સ્વીકાર કાર્યવાહક સમિતિ કરશે. પરંતુ કોઇ પણ ચોકસ શરતે મળેલાં દાન સ્વીકારતાં પહેલાં સભાસદોની સાધારણ કે તાત્કાલિક પ્રસંગોમાં અસાધારણ સભા બોલાવીને મંજુરી મેળવવાની રહેશે.

૩૬ **સ્પેશીયલ ફંડ:-** અમુક ખાસ ખર્ચને પહોંચી વળવા માટે જ્યારે સમાજની સભામાં ફંડ કરવાનું નકકી કરવામાં આવે ત્યારે દરેક જ્ઞાતિજન પાસેથી ફંડ મેળવતી વખતે સમાજના સીકકાવાળી પાવતી આપવાની રહેશે.

૩૭ **જ્ઞાતિના જુના ચોપડાઓ વિગેરે:-** ચાલુ કામકાજમાં ઉપયોગમાં ન આવે તેવા દરેક ચોપડા, રસીદ બુકો, મીનીટ બુકો, ફાઇલો વગેરે સમાજની ઓફિસમાં રાખવામાં આવશે. અને પ્રમુખ કે મંત્રીની રજા વગર તે વસ્તુઓ કોઇ તપાસી શકશે નહીં.

૩૮ **સમાજની સ્થાવર જંગમ મિલ્કત અને પ્રવૃતિઓનો લાભ:-** ૧ સમાજની બાંહેધરી હેઠળ ચાલતી પ્રવૃતિઓનો લાભ કોઇ પણ "શ્રી કચ્છી લેવા પટેલ

સમાજ" નો જ્ઞાતિજન લઇ શકશે. અને આ સંસ્થામાં શ્રી કચ્છી લેવા પટેલ જ્ઞાતિના દરેક ભાઈ – બહેનને પુરેપુરો હકક રહેશે.

૨ અન્ય જ્ઞાતિવાળાઓને આવી પ્રવૃતિનો લાભ લેવાનો કે અટકાવવાનો હકક કાર્યવાહક સમિતિને રહેશે.

૩ સમાજની ચીજ વસ્તુઓની કામચલાઉ અંગત ઉપયોગ કોઈ પણ જ્ઞાતિજન સમાજે નકકી કરેલ બંધારણ અને પેટા નિયમ અનુસાર કરી શકશે.

૩૯ **માનપત્રો અને ભેટ:-** કોઈ પણ વ્યકિતની વિશિષ્ટ સેવાઓની કદર રૂપે તેમને સમાજના ખર્ચે માનપત્ર તેમજ ભેટ આપવા સબંધમાં સમાજની જાહેર સભાની મંજુરી આવશ્યક રહેશે, પરંતુ તાત્કાલિક પ્રસંગોમાં કાર્યવાહક સમિતિ આપી શકશે.

૪૦ **રજીસ્ટ્રેશન બાબત:-** શ્રી કચ્છી લેવા પટેલ સમાજનું બંધારણ અને ધારાધોરણ હાલના ~~ભારતના~~ ગુજરાત ચેરીટી ટ્રસ્ટ એકટના નિયમો અનુસાર રજીસ્ટર કરાવવાનું રહેશે.

૪૧ **બંધારણમાં ફેરફાર:-** સભાસદોની વાર્ષિક તથા સાધારણ સભાઓમાં હાજર રહેલા સભાસદોના ૬૭ ટકા મતથી યોગ્ય સુધારા વધારા થઈ શકશે, પણ ઉદ્દેશોમાં કોઇ પણ જાતના ફેરફાર થઇ શકશે નહિં.

આથી દાખલો આપવામાં આવે છે.
આ પ્રમાણિત નકલ છે.
23/3/10
અધિક્ષક
જાહેર ટ્રસ્ટોની નોંધણી કચેરી
કચ્છ - પ્રદેશ - ભુજ



## શ્રી કચ્છી લેવા પટેલ સમાજ, ભુજ – કચ્છ.

તા. ૧૦-૭-૬૬ની ખાસ સાધારણ સભાએ બંધારણ અને ધારાધોરણમાં મંજુર રાખેલ સુધારા – શુધ્ધિપત્રક.

બંધારણની કલમ ૨ ઉદ્દેશમાં આઈટમ ૬ ને સ્થાને

૨ (૬) જ્ઞાતીના શખ્શોને જરૂર ન હોય ત્યારે આ સમાજની મિલ્કત બીજા હિંદુઓને યોગ્ય શરતોએ અને ફી કે ભાડું લઇને કાર્યવાહી સમીતી વાપરવા આપી શકશે.

૨ (૭) સંજોગોવસાત સંસ્થાનું અસ્તિત્વ બંધ થતાં આ સંસ્થાની સમાજની કુલ્લ માલીકીની સર્વ સ્થાવર અને જંગમ મિલ્કતની વ્યવસ્થા જ્ઞાતીમાં કેળવણી તબીબી અન્ય પ્રવૃતિઓ તેમજ જ્ઞાતીના લાભાર્થે સદરહુ મિલ્કતનો ઉપયોગ સમાજના ટ્રસ્ટીઓ સમાજની સમાન્ય સભાની મંજુરી મેળવીને કરી શકશે.

૫ (૩) બંધારણની કલમ ૫ માં સભાસદોના હકક સંબંધી પેટા કલમ ૩ રદ કરવામાં આવે છે.

૭ (નોંધ) બંધારણની કલમ ૭ જેમાં નીચે નોંધ છે તે રદ કરવામાં આવે છે.

૧૮ (૧ માં) (સુધારો) કાર્યવાહક સમિતિ : સમાજની વાર્ષિક સભામાં પ્રમુખ, ઉપપ્રમુખ સંગઠક મંત્રી, માનદ મંત્રી, સહમંત્રી, ખજાનચી, સહ ખજાનચી, હિસાબ ચોકસી, જોઇન્ટ હિસાબ ચોકસી એ રીતે કુલ્લે સંખ્યા ૯ નવની રહેશે. અને તેની ચુંટણી સામાન્ય સભામાંથી કરવામાં આવશે.

૧૮ (૬) "કોરમના બાધને" કારણ ઉમેરવું.

૩૩ (૫) ટ્રસ્ટીઓની સતા અને ફરજમાં ટ્રસ્ટીને તેના હોદ્દા ઉપરથી ફારેગ કરવાનો ઠરાવ રજુ થતાં અગાઉ ટ્રસ્ટીને ખુલાશાની તક આપવામાં આવશે. જો ખુલાશો આપે તો તે ખુલાશો સભા આગળ રજુ કરવામાં આવશે.

૩૩ (૮) ટ્રસ્ટીઓ ટ્રસ્ટના કાયદામાં જરૂરી તેવી મંજુરી મેળવીને પોતાની સતાનો ઉપયોગ કરી શકશે.

૩૩ (૧૦) આ કલમ રદ કરવામાં આવે છે.

૩૩ (૧૨) મિલ્કતના ટ્રસ્ટડીડની જગ્યાએ "મિલ્કતખત શબ્દ" સમજવો.

૪૦ રજીસ્ટ્રેશન બાબત : ભારતના ચેરીટી ટ્રસ્ટની જગ્યાએ "ગુજરાત ચેરીટી ટ્રસ્ટ" વાંચવું.